## નવસારી કૃષિ યુનિવર્સિટી
## ફોર્ડ ૩૬૦૦ ટ્રેકટર હરાજીની જાહેરાત

આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકના નીચે જણાવેલ કેન્દ્ર ખાતે ફોર્ડ ટ્રેકટરની હરાજી કરવાની છે. રસ ધરાવતી પાર્ટીઓએ નીચે પ્રમાણે હરાજી માટે ટેન્ડર ફોર્મ દીઠ અત્રેના કેન્દ્ર ખાતે રૂા. ૨૦૦/– રોકડા ચૂકવી ટેન્ડર ફોર્મ મેળવી દર્શાવેલ તારીખ અને સમય સુધીમાં જમા કરાવવાના રહેશે.

| અ. નં. | સ્થળનું નામ | ડીપોઝીટની રકમ (₹) | ટેન્ડર ફોર્મ ભરી સ્વીકારવાની તારીખ | ટેન્ડર ખોલવાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ઈન્સ્ટ્રકશનલ ફાર્મ, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી | ૫,૦૦૦ | ૧૨/૧૦/૨૦૧૭ સવારે ૧૦.૦૦ કલાકે | ૧૨/૧૦/૨૦૧૭ બપોરે ૨.૦૦ કલાકે |

ડીપોઝીટ રકમનો ડીમાન્ડ ડ્રાફટ અત્રેની કચેરીના **"Assistant Adm. Officer, ASPEE College of Horticulture & Forestry, NAU, Navsari"** ના નામનો બનાવી પોતાનો ભાવ ટેન્ડર ફોર્મમાં ભરી સીલબંધ કવરમાં ઉપર જણાવેલ ટેન્ડરો તારીખ અને સમયે જમા કરવાના રહેશે અને આવેલ ટેન્ડરો તા. ૧૨/૧૦/૨૦૧૭ ના રોજ ૧૪–૦૦ કલાકે ઈજારદારોની હાજરીમાં કેન્દ્રના ઈન્સ્ટ્રકશનલ ફાર્મ ખાતે ખોલવામાં આવશે. ઈજારાની શરતો કેન્દ્રના ફાર્મ ખાતે તથા યુનિવર્સિટીની વેબસાઈટ www.nau.in પર વાંચવા મળશે. ડીપોઝીટની રકમ વગરના ટેન્ડર ગ્રાહય રાખવામાં આવશે નહિ.

## : : ફોર્ડ ટ્રેક્ટર વેચાણની જાહેર હરાજી, બોલી અને શરતો : :

૧. ટેન્ડર ભરનાર ઈસમે પોતાના રહેઠાણના પુરાવા તરીકે સરકાર માન્ય ફોટો ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ રજુ કરવાની રહેશે.

૨. વાહન અત્યારે જે હાલતમાં અને જે સ્થળે જે પરિસ્થિતિમાં છે તે રીતે ટેક્ષ તથા વિમાની કોઈપણ જવાબદારી સિવાય વેચાણ કરવાનું છે.

૩. ટેન્ડર ફોર્મ ભરીને બપોરે ૧૦.૦૦ કલાકે તા. ૧૨/૧૦/૨૦૧૭ સુધીમાં હરાજીના દિવસે ઈન્સ્ટ્રકશનલ ફાર્મ ખાતે આપવાનું રહેશે.

૪. ટેન્ડર ભરનારે ડીપોઝીટ પેટે રૂા. ૫,૦૦૦/– (પાંચ હજાર પુરા) નો રોકડ અથવા ડી.ડી.થી. ભરવાના રહેશે, ડીપોઝીટની રકમ નિયમોનુસાર પરત કરવામાં આવશે.

૫. વાહન ખરીદ કરવાના ભાવો ટેન્ડર ફોર્મમાં જ ભરવાના રહેશે.

૬. જેમનું ટેન્ડર મંજુર થશે તેમને ૬૦ % રકમ તે જ દિવસે તથા બાકીની ૪૦ % રકમ બીજા દિવસે ભરપાઈ કરવાની રહેશે અન્યથા ડીપોઝીટની રકમ તેમજ અગાઉ ભરેલ ૬૦ % રકમ જપ્ત કરવામાં આવશે.

૭. ટેન્ડરના કવર ઉપર "વાહન હરાજીનું ટેન્ડર ફોર્મ" અવશ્ય લખવાનું રહેશે. પાર્ટીનું નામ, સરનામું મોટા અક્ષરે લખવું.

૮. ટેન્ડર દ્વારા આવેલ ભાવો કમિટીને યોગ્ય ન જણાય તો તે સમયે, તે સ્થળે કમિટીના અભિપ્રાય મુજબ ટેન્ડર ભરનાર પાર્ટીઓ વચ્ચે જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવશે. જાહેર હરાજીમાં પણ ભાવો કમિટીને યોગ્ય ન જણાય તો હરાજી રદ કરવામાં આવશે. ટેન્ડર ભરનાર ઈસમોને ટેન્ડર ફી ની રકમ પરત મળશે નહી જેની નોંધ લેવી.

૯. ફોર્ડ ટ્રેકટર ૩૬૦૦ જીજે–૧૫–એ–૮૫૩૩ તદન ભંગાર હાલતમાં હોય, વાહન ચાલી શકે તેમ ન હોવાથી તેનું રજીસ્ટ્રેશન પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી વલસાડ દ્વારા રદ કરવામાં આવેલ છે. નવું રજીસ્ટ્રેશન કરાવવાની જવાબદારી જે તે ટેન્ડર ભરનારની રહેશે.

૧૦. વાહનનો કબ્જો મેળવ્યાથી વાહન સંબંધીત તમામ જવાબદારી વાહન ખરીદ કરનારની રહેશે.

૧૧. શરતો બાબતે કોઈપણ વિવાદ ઉભો થાય ત્યારે યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે જે ખરીદનારને બંધનકર્તા રહેશે અને કાયદાકીય જયુરીડીકેશન નવસારી રહેશે.

૧૨. વાહન ટ્રાન્સફર કરવાની સઘળી જવાબદારી જે તે ટેન્ડર ભરનારની રહેશે. આ કામગીરી દિન–૩૦ માં પૂર્ણ કરવાની રહેશે. અત્રેની કચેરીએથી જરૂરી સહી / સિક્કા કરી આપવામાં આવશે.

૧૩. વાહન હરાજી થયા બાદ તેમજ ટ્રાન્સફર થયા બાદ યુનિવર્સિટીની વાહન અંગેની કોઈ જવાબદારી રહેશે નહિ.